# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : ૨૫-૦૧-૨૦૧૯ સમય : સાંજે : ૬.૩૦ – ૬.૪૦

વાર : શુક્રવાર

આકાશવાણી અમદાવાદ – વડોદરા પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

---

- ૭૦ મા પ્રજાસત્તાક પર્વની આવતીકાલે દેશભક્તિમય વાતાવરણમાં ઉજવણી થશે રાજયનો મુખ્ય સમારોહ પાલનપુરમાં યોજાશે.
- રાજય સરકાર દ્વારા દર વર્ષે પાંચ લાખ આવાસો બાંધવામાં આવશે, તેમાંથી અઢી લાખ ગ્રામીણ આવાસોનો સમાવેશ થાય છે.
- યાત્રાધાન અંબાજીમાં ૧૪૦ કિલોગ્રામ સોનાથી મઢેલ મુખ્ય શિખરનું મુખ્યમંત્રીએ લોકાર્પણ કર્યું.
- ધારાસભ્ય છબીલ પટેલને ભાજપના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરાયા.
- ૧૯ પોલીસ અધિકારી-કર્મચારીઓને રાષ્ટ્રપતિ પોલીસચંદ્રક જાહેર કરાયા.
- રાષ્ટ્રીય મતદાતાદિવસની ઉજવણી.

---

ન્યુઝ બ્રેક - આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ-વડોદરા પરથી સાંભળી રહ્યા છો

સમાચારને અંતે આકાશવાણી-અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા

આવતીકાલે ૭૦માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી બનાસકાંઠા જિલ્લામાં થશે. જે માટેની તૈયારીઓનો રંગેચંગે પ્રારંભ થઇ ગયો છે.

મુખ્યમંત્રી વિજય રુપાણી આજે હેલિકોપ્ટર મારફતે પાલનપુર પહોંચ્યા હતા ત્યાં તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું..

દરમ્યાન મુખ્યમંત્રીશ્રી રુપાણીએ ૨ હજાર યુવાનોની બાઇકરેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

કેન્દ્રીય રાજ્યમંત્રી હરીભાઇ ચૌધરી પણ મુખ્યમંત્રીશ્રી રુપાણીની સાથે જોડાયા હતા. બાઈક રેલીના યુવાનો તથા શહેરના અન્ય યુવાનોના યોજાયેલ સંમેલનમાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે આજના યુવાનોમાં અનેકગણી શક્તિઓ છે, આ શક્તિઓને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં પરોવી પ્રોત્સાહિત કરાય તો દેશ વિશ્વમાં પ્રથમ સ્થાને આવી જાય,

---

મુખ્યમંત્રીશ્રી વિજય રુપાણી આવતીકાલે સવારે પાલનપુર ખાતે ધ્વજવંદન કરશે. જ્યારે તાપી જિલ્લાના સોનગઢ ખાતે સવારે ૯:૦૦ વાગ્યે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઇ ત્રિવેદીની અધ્યક્ષતામાં તાપી જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવશે

ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી અને કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાના હસ્તે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પ્રદેશ કાર્યાલય-શ્રી કમલમ્, કોબા, ગાંધીનગર ખાતે સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદન કાર્યક્રમ રાખેલ છે.

ભાવનગર જિલ્લાકક્ષાના ૭૦મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી તાલુકા મથક ઉમરાળા ખાતે આવતીકાલે સવારે ૯ કલાકે મંત્રી જયેશભાઇ રાદડીયાના હસ્તે કરાશે. ઉમરાળાના ચોગઠ રોડ પર ખાડીવાળા વિસ્તારના મેદાનમાં આ કાર્યક્રમ યોજાશે જેમાં પરેડ, માર્ગપાસ્ટ ટેબ્લો નિદર્શન કરાશે.

---------------------------------------------------------------------------------------------

યાત્રધામના ઐતિહાસિક ગૌરવને પુનઃ સ્થાપિત કરવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે તેમ મુખ્યમંત્રી વિજયુ રુપાણીએ જણાવ્યું છે.

આજે પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી શક્તિપીઠ ખાતે મુખ્યમંત્રીશ્રી રુપાણીએ અંબાજીના દેવસ્થાનના તમામ શિખરો સુવર્ણથી મઢવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આજે ૧૪૦ કિલોગ્રામ સોનાનું શિખર લોકાર્પિત કર્યું હતું.

૭૦માં પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણીની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રીએ અંબાજી ખાતે વિકાસ સપ્તક કાર્યક્રમ અંતર્ગત લોક વિકાસના ૭ કાર્યો લોકાર્પિત કર્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી રુપાણીએ અંબાજી પંથકના સર્વાંગી વિકાસ માટે અલાયદી ઓથોરીટીની જાહેરાત કરી હતી. અને જણાવ્યું હતું કે, અંબાજી ખાતે અલયાદી ઓથોરીટીની રચનાથી દેવસ્થાનના વિકાસની નવી દિશા ખૂલશે.

વધુમાં મુખ્યમંત્રીએ આવાસોના નિર્માણના લક્ષ્યાંક વિશે વાત કરતાં જણાવ્યું કે, દર વર્ષે પાંચ લાખ ગ્રામીણ વિસ્તારોમાં આવાસો બાંધવામાં આવશે.

**ઉપરાંત મુખ્યમંત્રીએ પેથાપુર પાતળિયા બ્રિજ, ગુંદરી અને અંબાજી ખાતેની ઓટોમેટીક ચેકપોસ્ટનું લોકાર્પણ અને માઈભક્તોની સુવિધા માટે અંબાજીના નવીન બસ સ્ટેન્ડનું ખાત મુહુર્ત કર્યું હતું.**

---

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને પ્રખર રાષ્ટ્રવાદ અપનાવી દેશની પ્રગતિમાં સહભાગી બનવા જણાવ્યું હતું.

વાયબ્રન્ટ સમિટની સફળતાનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આગામી ૩૧ માર્ચ-૨૦૧૯ના રોજ પુરા થતાં નાણાંકીય વર્ષ સુધીમાં રાજયમાં ૪૫૦ કંપનીઓ દ્વારા ૧ કરોડ, ૧૧ લાખ રૂપિયાના વિવિધ રોકાણોના ઉદ્દઘાટન, ખાતમૂહૂર્ત અને કાર્યારંભ થવાના છે અને તેના પરિણામે લાખો યુવાનોને રોજગારી મળવાની છે.

મુખ્યમંત્રીશ્રીએ આયુષ્યમાન ભારત, ઉજ્જવલ્લા યોજના, મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજના દ્વારા લોકો સુધી આરોગ્યની સુખાકારી પહોંચાડવા રાજય સરકારે કરેલા પ્રયાસોની જાણકારી આપી હતી.

આ યુવા સંમેલનમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે એપ્રેન્ટિસના નિમણૂંક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિધાર્થીઓને ડ્રાઈવીંગ લાયસન્સ- હેલ્મેટનું વિતરણ કર્યુ હતુ અને જિલ્લાના વિશેષ સિધ્ધિ મેળવેલા યુવાનોનું મુખ્યમંત્રીશ્રીએ આ તકે સન્માન કર્યુ હતુ.

---

**આવતીકાલે પ્રજાસત્તાક દિને ગુજરાત રાજ્ય પોલીસ દળના કુલ ૧૯ પોલીસ અધિકારીઓને મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના પોલીસ ચંદ્રકો જાહેર કરાયા**

**જે અંતર્ગત ૧૭ પ્રશંસનીય સેવા અંગેના પોલીસ ચંદ્રકો અને ૨ વિશિષ્ઠ સેવા પોલીસ ચંદ્રકનો સમાવેશ થાય છે.**

આ ઉપરાંત હોમગાર્ડઝ, બોર્ડર વિંગ હોમગાર્ડઝ તેમજ ગ્રામ રક્ષક દળના ૪૭ જવાનો રાજ્યપાલશ્રી અને મુખ્યમત્રીશ્રી ચંદ્રકોનથી સન્માનિત કરાશે.

જેમાં ગ્રામરક્ષક દળના ૨ અધિકારીઓને રાજ્યપાલશ્રીના ચંદ્રક, હોમગાર્ડઝને મુખ્યમંત્રીશ્રીના ચંદ્રક પાંચ બોર્ડર વીંગ હોમગાર્ડઝને મુખ્યમંત્રીશ્રીના ચંદ્રક અને ૧૦ ગ્રામ રક્ષક દળના અધિકારીઓને મુખ્યમંત્રીશ્રીના ચંદ્રકો માટે પસંદગી થઈ છે.

---------------------------------------------------------------------------------------

ભારતીય જનતા પક્ષના કચ્છના ભૂતપૂર્વ ધારાસભ્ય છબીલ પટેલને પક્ષમાં પ્રાથમિક સભ્ય પદેથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીની સૂચના અનુસાર આ પગલું ભરવામાં આવ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, કચ્છ ભાજપના વરિષ્ઠ નેતા જયંતિલાલ ભાનુશાળીની હત્યાના બનાવમાં ચાલી રહેલી તપાસ દરમિયાન ભાજપના કચ્છના પૂર્વ ધારાસભ્ય છબીલ પટેલનું નામ બહાર આવ્યું છે. એક મહિલા આરોપી સાથે છબીલ પટેલનું સહ આરોપી તરીકે નામ બહાર આવતાં પક્ષ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું મનાય છે.

---------------------------------------------------------------------------------------

જંયતી ભાનુશાળી હત્યા કેસ મામલે આજે આ કેસના બે આરોપી નીતીન પટેલ અને રાહુલ પટેલને ભચાઇ કોર્ટમાં રજુ કરાયા હતા.

ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીના ૧૪ દિવસના રીમાન્ડની માંગણી કરી હતી. જો કે, બંને આરોપીઓના ૭ દિવસના રીમાન્ડ મંજુર થયા છે.

---

દેશભરમાં આજે નવમાં રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે મતદાતા દિવસનો વિષય છે. મતદાનથી કોઈ મતદાર રહી ન જાય

રાજ્યમાં પણ તમામ જિલ્લાઓમાં આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી.

આજે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીમાં રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલીએ જણાવ્યું હતું કે, દેશ અને રાજ્યમાં શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં ચૂંટણીઓ યોજાય તે લોકતંત્રની સાચી ઓળખ છે. મતદાતા એ લોકશાહીના સંરક્ષક છે.

રાજ્યપાલશ્રી કોહલીએ આ પ્રસંગે ચૂંટણી પ્રક્રિયામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓ – કર્મચારીઓને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કર્યા હતા.

જૂનાગઢ જિલ્લામાં આજે રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ની ઉજવણી કરવામાં આવી હતી.જેના ભાગરૂપે જૂનાગઢમાં બહાઉદીન કોલેજ ખાતેથી મતદાતા જાગૃતિ રેલી અને પ્રદિપ સીનેમા હોલ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે કલેકટરશ્રી ડો. સૌરભ પારધીએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો મુળભૂત ઉદેશ્ય પાત્રતા ધરાવતા યુવા મતદારો વધુમાં વધુ નોંધાય અને લોકશાહીના પાયાના મતદાર તરીકે આવનારી ચુંટણી પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે છે.

આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી વિજય ખરાડીએ જણાવ્યું હતું કે યુવાઓ ભારતની લોકશાહીનું અભિન્ન અંગ અને લોકશાહીનો પાયો છે. લોકશાહી મજબૂત કરવા માટે મતદારનું યોગદાન ખૂબ જ મહત્વનું છે. લાયક યુવાઓએ ૧૮ વર્ષની ઉંમર થતા અવશ્ય મતદાર તરીકે નોંધણી કરાવી મતદાર ઓળખકાર્ડ મેળવી લેવા જણાવ્યું છે. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે પ્રથમ વખત મતદાર યાદીમાં નોંધાયેલ હોય તેવા દિવ્યાંગ મતદાર સહિતના મતદારોને સન્માન કરવામાં આવ્યું હતું.

મહિસાગર જિલ્લામાં લુણાવાડા ખાતે પી.એન.પંડ્યા કોલેજમાં જિલ્લા વિકાસ અધિકારી અરવિંદ વિજયનના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવમાં આવ્યો હતો.

ઉજવણીને અુલક્ષીને મતદાતા જાગૃતિ અંગે કલાકારો દ્વારા ભવાઇ કાર્યક્રમ રજુ કરાયો હતો. પ્રાંત અધિકારી, મામલતદાર, કોલેજના આચાર્ય, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આજે સુરેન્દ્રનગર સ્થિત શ્રી રંભાબેન ટાઉનહોલ ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કલેકટરશ્રી કે.રાજેશના અધ્યક્ષસ્થાને ઉજવાઇ હતી.

નાયબ જિલ્લા ચુંટણી અધિકારી ર્ડા. પંકજભાઇ વલવાઇએ ઉપસથિત સર્વેને આવકારી રાષ્ટ્રીય મતદાર દિનની ઉજવણીની વિસ્તૃત વિગતો આપી હતી

નાયબ ચૂંટણી અધિકારીશ્રી પંકજ વલવાઈએ રાષ્ટ્રીય મતદાર દિવસ અંતર્ગત યુવા રેલીને લીલી ઝંડી આપી જિલ્લા કલેકટર કચેરીથી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલી શહેરના વિવિધ માર્ગો પર પસાર થઈ સુરેન્દ્રનગર સ્થિત શ્રી રંભાબેન ટાઉનહોલ ખાતે પૂર્ણ થઇ હતી. રેલીમાં શહેરની વિવિધ શાળા- કોલેજના વિદ્યાર્થીઓ- વિદ્યાર્થિનીઓ જોડાયા હતાં.

અમરેલી ખાતે પ્રતાપરાય આર્ટસ કોલેજમાં યોજાયેલ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીનો કલેક્ટરશ્રી આયુષ ઓકે દીપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો.

કલેક્ટરશ્રી આયુષ ઓકે કોલેજના યુવાઓને સંબોધતા જણાવ્યું કે, ચૂંટણીપંચ દ્વારા અનેક વિધ કાર્યક્રમો યોજી મતદારોને જાગૃત કરવા પ્રયત્નશીલ છે. જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા વધુમાં વધુ યુવા મતદારો જોડાય અને મતદાન કરે તે પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે.

આહવાના ડાંગ દરબાર હોલ ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી જિલ્લા ચૂંટણી અધિકારી બી.કે.કુમારની અધ્યક્ષતામાં યોજાયો હતો.

ઉજવણી કાર્યક્રમની પૂર્વે આહવાના ગાંધી ઉદ્યાન ખાતેથી એક મતદાર જનજાગૃતિ રેલીનું આયોજન કરાયું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી બી.કે.કુમાર સહિતના મહાનુભાવોએ લીલીઝંડી આપી રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું.

આ રેલી આહ્વાના મુખ્યમાર્ગો પર ફરીને ડાંગ દરબાર હોલ ખાતે સભાના રુપમાં ફેરવાઇ હતી. આજે યોજાયેલા રાષ્ટ્રીય મતદાતા દિવસ અંતર્ગત રાજ્યના દરેક જિલ્લામાં જે તે મહાનુભાવો દ્વારા શ્રેષ્ઠ મતદાર નોંધણી અધિકારી, શ્રેષ્ઠ બુથ લેવલ ઓફિસર, મતદાર નોંધણીની કામગીરીમાં વિશેષ ધ્યાન આપનારા અધિકારીઓ અને મતદારોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

---

અમદાવાદ શહેર શિક્ષણ સમિતિ સંચાલીત શાળાઓનાં બાળકો માટેની પાંચ દિવસીય વિજ્ઞાન જ્યોત કાર્યશાળા ગાંધીનગરના ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે યોજાઇ ગઇ. પાંચ દિવસ માટે ૧૫ શાળાઓના ધોરણ છ થી આઠનાં બાળકોની નિવાસી કાર્યશાળા યોજાઇ હતી. તેમાં ૨૫ બાળકોએ ભાગ લીધો હતો. સર્જનાત્મક કૌશલ્ય કેન્દ્ર દ્વારા આ કાર્યશાળા યોજવામાં આવી હતી અને તેમાં ગણિત અને વિજ્ઞાન વિશે શિક્ષણ આપવામાં આવ્યું હતું. તે દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, ગણિત, એન્જીનીયરીંગ માટે રસ રુચિ કેળવવાનો હેતુ છે.

વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અભિગમ વિકસે અને તે દ્વારા કેળવવામાં આવે છે.

---

એન્જીનીયરીંગ અને ફાર્મસી કોલેજોમાં પ્રવેશ માટેની ગુજકેટ પરીક્ષા માટે આજથી ઓનલાઇન અરજીપત્રો સ્વીકારવાની કામગીરી શરુ થઇ છે.

આઠમી ફેબ્રુઆરી સુધી આ અરજીપત્રો સ્વીકારવામાં આવશે. ૩૦૦ રૂપિયાની અરજી ફી ઓનલાઇન પણ સ્વીકારવામાં આવે છે. ૨૩ એપ્રિલે યોજાનારી આ પરીક્ષા માટે આજથી કાર્યવાહી શરુ થઇ છે.

ધોરણ ૧૨ સાયન્સમાં ત્રણેય ગ્રુપના વિદ્યાર્થીઓ આ અંગેની અરજી કરી શકશે. ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સત્તાવાર રીતે આ અંગેની જાહેરાત કરવામાં આવી છે.

---

રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ તથા લોકસભા ચૂંટણીના પ્રદેશ ભાજપના પ્રભારીશ્રી ઓમપ્રકાશ માથુર આવતીકાલથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે છે.

શ્રી ઓમજી માથુર ૨૭ જાન્યુઆરીએ પાટણ જિલ્લાના રાધનપુર ખાતે યોજાનાર યુવા મોરચા સંમેલન અને મેહસાણા જીલ્લાના બહુચરાજી ખાતે જોટાણા અને બેચરાજી મંડલોની મંડલ બેઠકમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

ઉપરાંત, ૨૮ જાન્યુઆરીએ પ્રદેશ કાર્યાલય-શ્રી કમલમ્, ગાંધીનગર ખાતે પ્રદેશ આગેવાનો, પ્રદેશના વિવિધ કાર્યક્રમોના ઈન્ચાર્જશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રભારી, પ્રમુખ-મહામંત્રી-પદાધિકારીઓ સાથેની વિવિધ બેઠકોમાં શ્રી ઓમજી માથુર ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------------------

રાજય સ્તરની અંધ મહિલાઓની વાનગી સ્પર્ધામાં ભાવનગર અંધ ઉદ્યોગ શાળાની દિવ્યાએ મેળવેલ દ્વિતિય સ્થાન મેળવ્યું છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ જણાવે છે કે, સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ દ્વારા સુરેન્દ્રનગર ખાતે સ્વ.વિનોદાબેન કે. શાહ અખિલ ગુજરાત અંધ મહિલાઓની અગ્યિારમી વાનગી સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ભાવનગરની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળાની વિદ્યાર્થીની દિવ્યા વિપુલભાઈ પાર્શલી અંધ મહિલાના વિભાગની સ્પર્ધામાં પોતાની સુંદર રસોઈ વડે દ્વિતિય સ્થાન હાંસલ કરયુ છે. દિવ્યા અંધ હોવા છતા સ્પર્ધામાં ખીર બટેટાનું શાક રોટલી પાપડ વગેરે બનાવ્યા હતા. રાજયભરમાંથી કુલ ૧૧૯

વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. દિવ્યાએ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળા સંચાલિત નિષ્ઠા હોમ સાયન્સ સેન્ટરમાં રસોઈની ટ્રેઈનીંગ લીધી હતી.

---------------------------------------------------------------------------------------------

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર દ્વારા ભારતીય સાંસ્કૃતિક પરંપરાને પ્રોત્સાહન આપવા માટે ચાર વિષયમાં ચેર સ્થાપિત કરવામાં આવી છે. તે અનુસાર સંસ્કૃત, ઉર્દુ, શાસ્ત્રીય સંગીત  અને કલાને પ્રોત્સાહન આપવામાં આવશે. અને પૂર્ણ કાલીન તથા અંશકાલીન ધોરણે નિષ્ણાતોને તથા શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓને પ્રોત્સાહન આપવામાં આવશે.

આઈ.આઈ.ટી. ગાંધીનગરના નિયામક ડોકટર સુધીર જૈને જણાવ્યું કે, શિક્ષણની સાથોસાથ સાંસ્કૃતિક વારસાથી વિદ્યાર્થીઓ પરિચિત બને તથા તેને પ્રોત્સાહન મળે તે હેતુથી આ કાર્યક્રમ તૈયાર કર્યો છે.

---------------------------------------------------------------------------------------------